# ગાંધીનગરમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો

## ડેન્ગ્યુ અને મેલેરીયાના દર્દીઓની સંખ્યામાં ઉછાળો : દવાખાનાં દર્દીઓથી ઉભરાય છે

ગાંધીનગર, તા. ૧૭

ઉઘાડ નીકળ્યા બાદ ગાંધીનગરમાં મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ ખુબ વધી ગયો છે. હુંફાળુ અને ભેજવાળુ વાતાવરણ મચ્છરોને ખુબ અનુકૂળ આવતા મચ્છરો વધ્યા છે. સાથે જ મચ્છરજન્ય રોગચાળા મેલેરીયા અને ડેન્ગ્યુના દર્દીઓમાં ખુબ વધારો થયો છે.

બે દિવસ ધોધમાર વરસાદ પડ્યા બાદ ઉઘાડ નીકળ્યો છે. ઉઘાડ નીકળતા જ વસાહતીઓ મચ્છરોના ઉપદ્રવથી ત્રાસી ગયા છે. શહેરમાં હજુ ઘણા સ્થળોએ ખાબોચિયાઓમાં પાણી ભરાઈ રહ્યા છે. આ ઉપરાંત કેટલાક સ્થળોએ, સરકારી કચેરીઓના ધાબાઓ પર તથા સરકારી મકાનોના ધાબાઓ છજાઓ પર ભરાઈ રહેતુ પાણી મચ્છરોના ઉપદ્રવનું કેન્દ્રસ્થાન બન્યા છે. મુખ્ય બજારો અને શાકમાર્કેટની આસપાસ ભરાઈ રહેતા ખાબોચિયાઓના કારણે પણ ગંદકી ફેલાઈ છે અને મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. મચ્છરો વધતાં તેનાથી ફેલાતા મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગચાળાએ પણ માથુ ઉંચક્યુ છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા હમણાં ખુબ વધી ગઈ છે. અહીં ઓપીડીમાં સારવાર લેવા આવતા દર્દીઓ પૈકી મોટા ભાગના દર્દીઓ તાવના છે. મેલેરીયા ઉપરાંત ગંભીર ગણાય તેવા ડેન્ગ્યુની ઝપટમાં નાના બાળકો સહિત ઘણા વસાહતીઓ આવ્યા છે.

ખાનગી દવાખાનાઓ અને નાના ક્લીનીકો પર પણ ખુબ ભીડ જોવા મળી રહી છે. લેબોરીટરીઓ પર પણ ભીડ જોવા મળી રહી છે. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓ પણ શહેરમાં સારવાર લેવા આવતા હોવાથી હોસ્પિટલોમાં ભીડ જોવા મળી રહી છે. આ જ રીતે જો મચ્છરોનો ઉપદ્રવ વધતો રહેશે તો મેલેરીયા અને ડેન્ગ્યુના રોગચાળાને કાબુમાં નહીં કરી શકાય.

મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા પગલાં લેવા અનિવાર્ય બન્યા છે. ફોગીંગ સહિતની કામગીરીમાં ઝડપ લાવવી જરૂરી બની છે. વસાહતીઓએ પણ પોતાના ઘરની આસપાસ ભરાઈ રહેતા પાણીના સ્થળોને ખાલી કરવા જોઈએ. મકાનની છત કે છાજલી પર ભરાઈ રહેતા પાણીનો સત્વરે નિકાલ થવો જોઈએ.



(તસવીર : દિપક જાની)

## વિદેશી દારૂની ૩૫,૨૬૪ બોટલોનો બુલડોઝર ફેરવી નાશ કરાયો

### જિલ્લાના વિવિધ પોલીસ મથકોએ ૧૬૫ ગુનામાં કબજે લીધેલો ૭૧.૯૫ લાખનો દારૂનો જથ્થો નાશ કરાયો

ગાંધીનગર, તા. ૧૭

નશાબંધી ખાતા દ્વારા આજે કોબા પાસે લાખોની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. જિલ્લામાંથી પકડાયેલ જુદી જુદી બ્રાન્ડના વિદેશી દારૂની ૩૫,૨૬૪ બોટલો પર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં જિલ્લામાંથી મોટા ભાગમાં દારૂની હેરાફેરી થતી હોવાના કિસ્સાઓ છાશવારે પ્રકાશમાં આવે છે. દારૂના દૂષણને ડામવા જિલ્લા પોલીસતંત્ર દ્વારા પણ સઘન પેટ્રોલીંગ હાથ ધરી બુટલેઘરોને સકંજામાં લઈ લાખોનો મુદ્દામાલ કબજે લેવાય છે. જ્યારે મહિલા બુટલેગરો પણ સમાજમાં માનભેર પગભર થાય તેવા પ્રયાસ પણ જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લામાંથી છેલ્લા કેટલાક સમયમાં પકડાયેલા દારૂના જથ્થાને આજે કોબા પાસે નાશ કરી દેવામાં આવ્યો હતો. શહેરના સે. ૨૧ અને સે. ૭ પોલીસ સ્ટેશન સહિત જિલ્લાના પોલીસમથકોએ નોંધાયેલા દારૂના ૧૬૫ જેટલા ગુનામાં પોલીસે ઝડપેલો ૭૧.૯૫ લાખનો વિદેશી દારૂની બોટલોનો આજે સવારે બુલડોઝર ફેરવી નાશ કરાયો હતો. ડી.વાય.એસ.પી. જે.એમ. જાડેજા, પ્રાંત અધિકારી પ્રકાશ મકવાણા, નશાબંધી અને આબકારી નિયામક આર.જે. વસાવા સહિત પોલીસ સ્ટેશનના પી.આઈ.ની હાજરીમાં જથ્થાનો નાશ કરાયો હતો.

## ચિલોડા સર્કલ પાસેના માર્ગ પર જોખમી મસમોટા ખાડા

### વાહનચાલકો પરેશાન : સત્તાવાહકો દ્વારા ખાડા પૂરવાની કામચલાઉ કામગીરી હાથ ધરાઈ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ઝરમર વરસાદ વરસતા તેમજ ચિલોડા હિંમતનગર, દહેગામ, અમદાવાદ હાઈવે-૮ પર અસંખ્ય વાહનોની ભારે અવરજવર રહેતા રોડ પર નાના-મોટા ખાડાનું સામ્રાજ્ય ઉભા થવા પામ્યું છે. વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ખાસ કરીને ચિલોડા સર્કલ પાસે પેટ્રોલપંપની સામે ખૂબજ નજીક નજીક ઊંડા અને પહોળા ખાડા પડવાથી દ્વિચક્રી વાહનચાલકો, અન્ય વાહનોને સાઈડ આપતા ઊંડા ખાડામાં પછડાય છે અને અકસ્માતો થાય છે. જેથી વાહનચાલકોમાં ભયની લાગણી પ્રસરી રહી છે. આ મસમોટા ખાડાથી મોટા લોડીંગ વાહનો ખૂબજ સાવચેતીરૂપે વાહન પસાર કરવા આપમેળે ગતિનિયંત્રણ કરવા મજબૂર બને છે. છતાંય ખાડામાંથી બૂચવું ખૂબજ મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિથી વાહનચાલકો માર્ગપરના અકસ્માતનો ભોગ બને છે. ખાડા પુરવાની ફરીયાદો વધવા પામતા નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા કામચલાઉ કામગીરી આરંભાતા કંઈક અંશે રાહત મળે તેવા પ્રયાસો આદરવામાં આવ્યા છે.

## સે-૨૩માં જવેલર્સની દુકાનમાં ચોરીનો પ્રયાસ

ગાંધીનગર, તા.૧૭

સે-૨૩માં સ્થિત ઓમ જવેલર્સ નામની દુકાનમાં આજે વહેલી સવારે તસ્કરોએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. એસન્ટ ગાડીમાં આવેલા ત્રણ શખ્સો દુકાન બહાર લગાવાયેલા સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ જતા પોલીસે તેના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ય માહિતી અનુસાર સે-૨૪માં આદર્શનગર ખાતે પ્લોટ નં. ૫૭૮માં રહેતા પરાગ મનોજભાઈ સોની સે-૨૩ ખાતે ઓમ જવેલર્સ નામની દુકાન ધરાવે છે. આજે વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાના અરસામાં ત્રણ અજાણ્યા ઈસમોએ તેમની દુકાનમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકે નોંધાઈ છે. વહેલી પરોઢના સમયે ત્રણ ઈસમો કાળા રંગની એસન્ટ કાર લઈને તેમની દુકાન પાસે આવ્યા હતા. જયારે આ ઈસમો ચોરી કરવાના ઈરાદામાં નિષ્ફળ રહ્યા હતા પરંતુ દુકાન બહાર લગાવેલા સી.સી.ટી.વી. કેમેરામાં તેની ગતિવિધિઓ કેદ થઈ ગઈ હતી. આ મામલે દુકાનમાલિકને જાણ થતા તેમણે આ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# મારી ગરિમા મારા ગુરૂને આભારી છે

સંબંધ સજાવે જિંદગી

**બલિહારી ગુરુ આપની**

- સ્વાતિબા રાઓલ
gsrelation@yahoo.com

બાબા ફરીદ કહે છે કે -

'અંતર તુજ સમંદર 'ફરીદ'
ઘૂમીશ કયાં લગ તટ્ટ;
લગાવ માંહે ડૂબકી, મળશે
મોતી ઝટ્ટ'

આ દુનિયામાં કેટલાંક એવાં વિરલ મનુષ્યો છે જેનું જીવન આ પંક્તિઓને સાર્થક કરતું હોય છે. પોતાની અંદર રહેલી ખૂબસૂરત બાજુને ઝળહળતા મોતીની જેમ ઝગમગાવીને દુનિયા સમક્ષ પેશ કરવી ને નાની સૂની બાબત નથી કારણ કે, જે માણસમાં એવું 'પાણી' હોય જે મોતી પકવી શકે તેના માટે જ આ શક્ય છે.

ગાંધીનગરની સીમમાં ટહુકતા અને કળા કરતાં અનેક મોરલાં આપે જોયા હશે પણ રંગભૂમિનો એક 'કલાપી' હસમુખભાઈ મૅકવાન છેલ્લાં ત્રણ દાયકાથી ગાંધીનગરમાં રહી પોતાના અભિનયના અજવાળાં પાથરી રહ્યાં છે. સચિવાલયમાં આર એન્ડ બી ડિપાર્ટમેન્ટમાં પોતાની ફરજ બજાવતાં આ રંગકર્મી કળાની દુનિયામાં મનોરંજનના અને સામાજિક સંદેશનાં ગઢ ચણી રહ્યાં છે. નાનપણથી જ નાટકનો શોખ. જો કે, આ શોખ વિરાસત રૂપે પિતા તરફથી જ મળેલો. પિતાજી ચર્ચમાં ભજવાતાં નાટકોમાં ભાગલે અને સાથે જોવા માટે હસમુખ ભાઈને પણ લઈ જાય. મુંબઈમાં (આઈએનટી) દ્વારા ભજવાતાં નાટકો જોા માટે હસમુખ ભાઈને સાયકલ પર બેસાડીને પિતાજી લઈ જતાં તે યાદ કરતાં હસમુખભાઈ એ વખતે જોયેલાં પ્રસિધ્ધ નાટકો 'કુમારની અગાશી', 'સંતુ રંગીલી', 'સરીતા ખટાઉ' ને યાદ કરે છે. નાનપણમાં નાટકો જોતાં જોતાં કુતૂહલ જાગ્યું. સેટીંગ્સ, સંવાદો, પાત્રો, અભિનય, વિષે પ્રશ્નો થતાં. પિતાજી એસ.ટી. વર્કશોપમાં થતાં ડ્રામા જોવા લઈ જતાં ત્યારે રાયપુરમાં કામદાર કલ્યાણ કેન્દ્રમાં વર્કરો દ્વારા રજૂ થતાં નાટકો જોઈ નાટકમાં અભિનય કરવાની ઈચ્છા બળવત્તર બની. એચ.કે. આટ્ર્સ કૉલેજમાં ૧૯૭૩ માં શ્રી રઘુવીર ચૌધરીના હિન્દી નાટક 'ઝોંક' માં સૌ પ્રથમવાર મોટો મોકો મળ્યો. અભિનય માટે, પરંતુ હજી જીવનમાં કોઈ કમી હતી. અભિનયમાં હજી કયાંક કચાશ લાગતી હતી.

ગાંધીનગર નિવાસી બન્યા પછી 'મધુવન' જે ગાંધીનગરની એક ગણમાન્ય નાટ્ય સંસ્થા હતી. આ સંસ્થા દ્વારા રક્ષાબંધન પર થતી એક પાત્રીય અભિનય સ્પર્ધામાં પ્રથમ આવ્યા બાદ આત્મવિશ્વાસ વધ્યો અને આરંભાઈ એક સારા અને સાચા ગુરૂની શોધ જે અભિયનની પ્રત્યેક બારીકીઓથી અવગત કરાવી અભિનય ક્ષમતાની ધાર તેજ કરી આપે.

પ્રકાશ લાલા. અભિનય જગતનો તેજસ્વી સિતારો. અને આ સિતારો હસમુખભાઈ માટે રાહબર બની ગયો. પોતાના ગુરૂ પાસેથી હસમુખ ભાઈ અભિનય, સંવાદની લઢણ, સંવાદના આરોહ-અવરોહ, મ્યુઝિક, કયાં કેવી રીતે આવશું? દિગ્દર્શક, સેટીંગ્સ, દશ્ય રચનાઓ વગેરે શીખવા મળ્યાં. ગુરૂની સાથે 'પત્તાની જોડ' અને 'ઉપલો માળ ખાલી છે.' નાટકો ઉપરાં ટી.વી. સિરિયલ 'જો થઈ છે' માં કામ કરવાનો અવસર મળ્યો.

પછી તો આ દિગ્ગજ કલાકારે ગુરૂના આશીર્વાદથી જે દોટ મુકી અભિનય જગતમાં તે આજ સુધી પાછું વળીને જોયું નથી. ઑલ ઈન્ડિયા લેવલે યોજાતી અખિલ ભારતીય મુલકી નાટ્ય સ્પર્ધાઓમાં ઘણાં નાટકોમાં કામ કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. વર્ષા અડાલજાના 'આ છે કારાગાર', 'થોડું સુખ આપો ઉછીનું' અને પ્રેમચંદજીના 'કફન' નાટકમાં સફળતા પૂર્વક અભિનય કર્યો છે. સૌમ્ય જોષીના 'રમીલોને યાર' નાટક માટે તેમને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો છે. એ કેમ ન મળે, ૩૦ મિનિટના આ નાટકમાં કૅન્સરગ્રસ્ત યુવકનો રૉલ ભજવવા હસમુખ ભાઈ ૩૧ સિગારેટ પીધી. નાટક પુરૂ થયાં પછી. જજે પૂછ્યું. 'આર યુ ચેઈન સ્મોકર?' હસમુખભાઈએ જવાબ આપ્યો. 'નો! આઈ નૅવર સ્મોક, બટ આઈ વૉન્ટ ટું એસ્ટાબ્લીશ માય સેલ્ફ એસ એક્ટર' 'મહાકાલ', 'સત્યાનાશ વાળી નાંખ્યુ', 'ઉપલો માળ ખાલી છે' માં તેમણએ ડબલ અને ટ્રિપલ રૉલ ભજવ્યાં છે. 'સંકેત' નાટક માટે બેસ્ટ દિગ્દર્શકનો એવોર્ડ પણ આ કલાકારે અંકે કર્યો છે. હસમુખભાઈ કબૂલ કરે છે કે શ્રી પ્રકાશલાલાએ નાટક કરતાં શીખવ્યું તો જીતેન્દ્ર ઠક્કર આંગળી પકડીને ટેલિવુડમાં લઈ ગયા. તેમની સિરિયલોમાં હસમુખભાઈએ કામ કર્યું છે. ચરિત્ર અભિનેતાના રોલ વધુ મોકળાશ અનુભવતા આ કલાકારના 'મા-બાપને ભૂલશો નહિ' નાટકના ૪૮ જેટલાં શૉ થયાં છે. જેમાં મોડાસામાં એક જ દિવસમાં આ એક જ નાટકના સળંગ ચાર શૉ થયાં છે. જેમાં મોડાસામાં એક દિવસમાં એક જ નાટકના સળંગ ચાર શૉ કર્યા હતા. આ નાટકના 'શ્રેયાંશ મોદી' ના પાત્ર માટે તેમને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળેલ છે. અત્યારે 'દીકરી મારી લાડકવાયી' માં જયોતિષાચાર્ય પંડિત રમાકાંતનો રૉલ કરી રહ્યાં છે. જેના આજથી તારીખે ૧૯ શૉ થઈ ચૂક્યાં છે.



૨૫ જેટલાં નાટકો અને ૨૫ જેટલી ગુજરાતી સિરિયલોમાં કામ કરી ચૂકેલાં આ નિષ્ઠાવાન કલાકારને ૨૦૦૬ માં ગાંધીનગરના અવસર કલાકેન્દ્ર દ્વારા સન્માનવામાં આવ્યાં હતા. વાંચે ગુજરાત અભિયાનમાં પણ સરકાર દ્વારા તેમને બહુમાન મળેલ છે.

આ નાટ્યકારની અભિનય સલામ માંગી લે તેવી છે. એક વાર ૨૫મી ડિસેમ્બરના રોજ તેમણે બપોરે બાર વાગ્યે રેડિયો પર, સાંજે સાત વાગ્યે ત્રિ-મંદિર (અડાલજ) અને રાત્રે દસ વાગ્યે ગાંધીનગરમાં ત્રણ જગ્યાએ અલગ અલગ નાટક એક જ દિવસમાં ભજવ્યા હતા.

હસમુખ ભાઈના નાટક 'પત્તાની જોડ' માંના તિમિરના રૉલમાં લોકોએ એટલાં પસંદ કર્યા કે તેઓ 'પ્રકાશલાલાના તિમિર' તરીકે ઓળખાતાં થઈ ગયાં. 'જેમ ફાધરના લક્ષણ સનમાં દેખાય તેમ મારામાં એક પ્રકાશલાલા છે.' તેવું કહી હસમુખભાઈ જરા ટટ્ટાર થઈ આ કિસ્સો કહે છે. એકવાર અમદાવાદમાં એક નાટક દરમિયાન એક જજે મને પૂછ્યું, 'તમે પ્રકાશલાલાની સાથે કામ કર્યું છે?' મેં પૂછ્યું 'કેમ?' ત્યારે જજે જવાબ આપ્યો, 'તમારામાં પ્રકાશ લાલાની છાંટ દેખાય છે. તમારો અભિનય પ્રકાશલાલાની યાદ અપાવે છે. આ અદ્ભૂત પળ અને શબ્દો મારા માટે કોઈ એવોર્ડથી કમ નહતાં.'

બૅંગ્લોર, કેરલા, કોટા, બિહાર, નાગપુરમાં પણ નાટકના શૉ કરી ગુજરાતીઓનો પ્રેમ મેળવનાર અનોખા ગુરૂના આ અનોખા શિષ્યને મેં જયારે પૂછ્યું કે નોકરી અને શોખ વચ્ચે કયારેય દ્વંદ્વ થયો છે? ત્યારે કલાનગરી - ગાંધીનગરનો આ નખશિખ નાટ્યકાર જવાબ આપે છે. 'નોકરીના ભોગે કશું જ નહિ. નાટક મારો શોખ છે મેં એને કયારેય વ્યવસાય બનાવ્યો નથી અને નોકરીને - ફરજને વધુ પ્રાધાન્ય આપ્યું છે.'

અંતમાં આ કલાકારની એક ખાસિયત ન કહું તો વાત અધૂરી રહેશે. હસમુખભાઈ પોતાના પાત્રના ડ્રેસ હંમેશાં ખરીદે છે એટલું જ નહિ નાટક પછી એને એક બૅગમાં સાચવી રાખે છે આજે તેમણે કરેલાં નાટકોની યાદ રૂપે તેમની પાસે ધોતી, ઝભ્ભા, ચશ્મા, ગમછા, બંડી, લાકડી વગેરેનો 'મોંઘો ખજાનો' છે જે નવરાશની પળોમાં તેમનો ગમતીલો સંગાથ બની જાય છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭

સૂર્યાસ્ત : ૭.૧૨

### તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૮.૦૦, ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ચુંદડીને સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- બ્રહ્મક્ષત્રિય સમાજ ગાંધીનગર દ્વારા બપોરે ૨.૦૦ કલાકે, સામાજિક કાર્યક્રમ

**ધાર્મિક**

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે સુરંગના હિંડોળા.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કખા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.

### આપની આજ

**મેષ** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**વૃષભ** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**સિંહ** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કન્યા** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**તુલા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**વૃશ્ચિક** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**ધન** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**મીન** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

### ચિરવિદાય

- સ્વ. કેસરીસિંહ મહોતજી વાઘેલા (ઉ.વ. ૬૫) મુ.પો. લહેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભઈલાલ છગનજી વણઝારા (ઉ.વ. ૧૩) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન કાંતિભાઈ પટેલ (ઉ.વ. ૭૦) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન સેધાભાઈ પંડ્યા (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૩૬/૧, સેકટર-૧૪, ગાંધીનગર.